મેયરે જૂના રસ્તાઓ પર ખાડા પડ્યાના દાવો કર્યો

વડોદરા ખાડાનગરીમાં ફેરવાતા વિપક્ષ આક્રમક, રૂ.૪ કરોડનું ધોવાણનો આક્ષેપ

૭ હજારથી વધુ ખાડા પૂર્યાનો પાલિકાનો દાવો, પ્રતાપનગર-અકોટા સહિતના માર્ગોની હાલત યથાવત્

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સંસ્કારી નગરી વડોદરામાં સામાન્ય વરસાદ બાદ જ રસ્તાઓની બિસમાર સ્થિતિ સામે આવતા પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. તાજેતરમાં પડેલા અંદાજે અઢી ઈંચ વરસાદમાં પ્રતાપનગર માર્કેટ ચાર રસ્તા, અકોટા રોડ સહિતના મુખ્ય માર્ગો પર મોટા ખાડા પડતાં વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચોમાસાના અગાઉના રાઉન્ડ બાદ પાલિકાએ રૂ.૪ કરોડના ખર્ચે ૭ હજારથી વધુ ખાડા પૂર્યાનો દાવો કર્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, થોડા દિવસો અગાઉ જ રસ્તાના સમારકામની કામગીરી થઈ હોવાના દાવા કરાયા હતા, પરંતુ વરસાદ બાદ ફરી ખાડા જોવા મળી રહ્યા છે. ખાડાઓને કારણે અકસ્માતનો ભય રહે છે અને વાહનચાલકોને જોખમી રીતે પસાર થવું પડે છે.

આ મુદ્દે પાલિકાના વિપક્ષી નેતાઓએ શાસક પક્ષ અને તંત્ર સામે આક્ષેપો કરતાં નબળી ગુણવત્તાના કામની તપાસની માંગ કરી છે. તેમના જણાવ્યા મુજબ, કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ રસ્તાઓ ટકાઉ બનતા નથી. બીજી તરફ મેયરે દાવો કર્યો છે કે રૂ.૪ કરોડના ખર્ચે કરાયેલા પેચવર્કવાળા સ્થળોએ ખાડા પડ્યા નથી અને હાલના ખાડા જૂના રસ્તાઓ પર પડ્યા છે.

દર વર્ષે ચોમાસા પૂર્વે અને દરમિયાન રસ્તા સમારકામ માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવાય છે. ત્યારે વરસાદ બાદ ફરી સર્જાયેલી સ્થિતિને પગલે ખર્ચ અને કામગીરીની ગુણવત્તા અંગે પારદર્શકતા સાથે જવાબદારી નક્કી કરવાની માંગ ઉઠી છે.

સાવલી કોર્ટ પાછળ પાણીની મોટરમાં કરંટ લાગતાં ૬૫ વર્ષીય વૃદ્ધનું મોત

મોટરને અડકતાં રમણભાઈ ઠાકોરને વીજ કરંટ લાગ્યો, ઘટનાસ્થળે જ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

સાવલી નગરમાં કોર્ટ પરિસરના પાછળના ભાગે વીજ કરંટ લાગવાથી 65 વર્ષીય વૃદ્ધનું કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક રમણભાઈ ઠાકોર ઉમર 65 વર્ષ હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ સાવલી કોર્ટ પરિસરના પાછળના ભાગે કોઈ કામ અર્થે ગયા હતા. તે દરમિયાન ત્યાં લગાવેલી પાણીની મોટરમાં અચાનક વીજ કરંટ ઉતરી આવ્યો હતો. રમણભાઈનો મોટરને સ્પર્શ થતા જ તેમને જોરદાર વીજ ઝટકો લાગ્યો હતો અને તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. સ્થળ પર જ તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ સાવલી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી વધુ કાર્યવાહી માટે સાવલી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાં પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. બીજી તરફ, વૃદ્ધના મોતના સમાચાર મળતા જ સાવલી સરકારી હોસ્પિટલ ખાતે તેમના પરિવારજનો સહિત સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સમગ્ર હોસ્પિટલ પરિસરમાં ગમગીની છવાઈ ગઈ હતી. પ્રાથમિક તપાસમાં મોટરમાં શોર્ટ સર્કિટના કારણે કરંટ આવ્યો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. સાવલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને વીજ વિભાગને પણ જાણ કરવામાં આવી છે.

માંજલપુરમાં પાંચ દિવસથી ભૂવો, તંત્રની કામગીરી સામે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાના માંજલપુરના રહેણાક માર્ગ પર છેલ્લા પાંચ દિવસથી વિશાળ ભૂવો પડ્યો હોવા છતાં પાલિકા દ્વારા માત્ર બેરિકેટ લગાવવામાં આવ્યા હોવાના આક્ષેપો થયા છે. ભૂવાના કારણે બાળકો, વૃદ્ધો અને વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. નજીકમાં લક્ષ્મીનારાયણ દેવ અને કાલભૈરવ મંદિર હોવાથી ભક્તોની પણ અવરજવર રહે છે. સ્થાનિકોએ તાત્કાલિક ભૂવાનું સમારકામ કરી રસ્તો સુરક્ષિત કરવાની માંગ કરી છે. પાલિકા દ્વારા કાર્યવાહી નહીં કરવામાં આવે તો આંદોલનની ચીમકી આપવામાં આવી છે.

૧૨ જ્યોતિર્લિંગની થીમ પર ગણેશોત્સવનું ભવ્ય ડેકોરેશન

■ મધ્યસ્થ છીપવાડ યુવક મંડળ, વડોદરા દ્વારા શ્રી ગણેશોત્સવ-2026માં અનોખું ડેકોરેશન તૈયાર કરાયું છે. વડોદરામાં પ્રથમવાર 12 જ્યોતિર્લિંગની થીમ આધારિત ભવ્ય સજાવટ કરવામાં આવી છે, જ્યાં ભક્તો 12 જ્યોતિર્લિંગ પર પવિત્ર જળાભિષેક કરી શકશે. આ અનોખી થીમ શ્રદ્ધાળુઓમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

MSUમાં CJP પ્રોટેસ્ટને લઈને ABVP કાર્યકરોની ભૂમિકા અંગે ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા, તા.20

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં CJPના પ્રોટેસ્ટને લઈને ABVPના કેટલાક કાર્યકરોની ભૂમિકા અંગે ચર્ચા શરૂ થઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ABVP સાથે જોડાયેલા કેટલાક કાર્યકરોના CJPના નેતાઓ સાથે સંપર્કો હોવાની ચર્ચા છે અને પ્રોટેસ્ટ દરમિયાન પડદા પાછળથી મદદ કરવામાં આવી હોવાના આક્ષેપો થયા છે.

આ મામલે ABVP વડોદરા પ્રમુખ વેદ ત્રિવેદીનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે. તેમણે CJPના કાર્યકરોને બેક-સપોર્ટ આપ્યો હોવાના દાવા કરવામાં આવ્યા છે. ઉપરાંત MSU ABVP તથા રાજ્ય સ્તરે પૂર્વ કાર્યકર રહી ચૂકેલા શિખર સોનીનું નામ પણ ચર્ચામાં હોવાનું જણાવાય છે.

જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને સંબંધિત વ્યક્તિઓની સત્તાવાર પ્રતિક્રિયા પણ સામે આવી નથી. સમગ્ર મામલે MSU કેમ્પસમાં ચર્ચા તેજ બની છે.

સરકારી શાળાના વિદ્યાર્થીઓને ટેબ્લેટ અને લર્નિંગ કિટનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ગોવિંદરાવ મધ્યવર્તી શાળા ખાતે શિક્ષણ વિભાગનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાના હસ્તે સરકારી શાળાના વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણને વેગ આપવા ટેબ્લેટનું વિતરણ કરાયું હતું.

'બેક ટુ સ્કૂલ' પહેલ હેઠળ શાળા છોડી ફરી પ્રવેશ મેળવનારા બાળકોને અભ્યાસમાં મદદરૂપ થવા લર્નિંગ કિટ્સ અપાઈ હતી. શ્રેષ્ઠ કામગીરી કરનારા સીઆરસી કો-ઓર્ડિનેટરો અને શિક્ષણ ક્ષેત્રે સહયોગ આપનારા દાતાઓનું સન્માન કરાયું હતું. મંત્રી ડો. વાજાએ જણાવ્યું કે, ટેબ્લેટ માત્ર સાધન નહીં, પરંતુ જ્ઞાનનો સાથી છે. ટેકનોલોજીના સદુપયોગથી વિદ્યાર્થીઓ સપના સાકાર કરી રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપે. કાર્યક્રમમાં સાંસદ, મેયર, ધારાસભ્ય સહિત અગ્રણીઓ, શિક્ષકો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોની તાત્કાલિક સફાઈની માંગ

અટલાદરા તળાવ પાસે ગંદકીના ઢગલા સફાઈને લઈને સ્થાનિકોમાં રોષ

કચરાના ઢગલામાં પ્લાસ્ટિક ખાવા મજબૂર બનતી ગાય માતા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

સંસ્કારી નગરી વડોદરામાં એક તરફ સ્વચ્છતા અભિયાનના મોટા-મોટા દાવો કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા અટલાદરા તળાવ પાસે ગંદકીના સામ્રાજ્યને કારણે સ્થાનિક રહીશોમાં તીવ્ર અસંતોષ અને રોષની લાગણી વ્યાપી ગઈ છે. અટલાદરા તળાવના આસપાસના પરિસરમાં ચારેય તરફ કચરાના ઢગલે-ઢગલા જોવા મળી રહ્યા છે, જેના કારણે સ્વચ્છતાના નામે માત્ર કાગળ પર જ કામગીરી થતી હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિકો દ્વારા લગાવવામાં આવી રહ્યા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અ નુસાર, વિસ્તારમાં કેટલાક બે જવાબદાર લોકો દ્વારા જ્યાં-ત્યાં ખુલ્લામાં કચરો ફેંકવામાં આવે છે. તે ના પરિણામે અટલાદરા તળાવ કિનારે દુર્ગંધ મારતા ઉકરડાઓ ઊભા થઈ ગયા છે. આ કચરાના ઢગલામાં પ્લાસ્ટિક અને દૂષિત ખોરાક ખાવા મા ટે ગાય માતા મજબૂર બનેલી જોવા મળે છે, જે અત્યંત ચિંતાજનક અને દુ:ખદ બાબત છે. ગાયો દ્વારા પ્લાસ્ટિક આરોગવામાં આવતાં તેમના આરોગ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. આ ઉપરાંત, તળાવ જેવા જાહેર અને કુદરતી સ્થળની આસપાસ જમા થયેલા કચરાના કારણે સમગ્ર પર્યાવરણ પણ દૂષિત થઈ રહ્યું છે.

આ પ રિસ્થિતિ માટે સ્થાનિકો દ્વારા મહાનગરપાલિકાની કામગીરી સામે પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. કચરાના યોગ્ય નિકાલ અને સમયસર સફાઈને લઈને કોર્પોરેશનનું તંત્ર તદ્દન નિષ્ક્રિય સાબિત થયું હોવાનો લોકોનો આરોપ છે. સ્થાનિક રહીશોની સ્પષ્ટ માંગણી છે કે ગાય માતાના રક્ષણ તેમજ પર્યાવરણની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જવાબદાર તંત્ર દ્વારા વિલંબ વગર તાત્કાલિક ધોરણે આ વિસ્તારમાં વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે અને ભવિષ્યમાં અહીં કચરો ફેંકનારાઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

વેનસ પહેલ નવલી નવરાત્રી મહોત્સવનું ભૂમિપૂજન સાથે શુભમુહૂર્ત

વડોદરા : ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને ગરબાની ભવ્યતાને ઉજવતા વેનસ પહેલ નવલી નવરાત્રી-2026 મહોત્સવની તૈયારીઓનો ભૂમિપૂજન સાથે પ્રારંભ થયો છે. વડોદરાના વેનસ પહેલ ગ્રાઉન્ડ ખાતે આગામી 11થી 20 ઓક્ટોબર દરમિયાન મહોત્સવ યોજાશે. ભૂમિપૂજન પ્રસંગે પ.પૂ. નિત્યાનંદ સ્વામીજીનું સાનિધ્ય અને આશીર્વાદ મળ્યા હતા. તેમણે મહોત્સવની સફળતા તથા સમાજહિતના સેવાકીય સંકલ્પ માટે શુભકામનાઓ પાઠવી હતી. પ્રસંગે IMA વડોદરા, IMA વડોદરા ક્લબની આયોજન ટીમ, પ્રાયોજકો, સહયોગીઓ અને વિવિધ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષે મહોત્સવમાં સંસ્કૃતિ, સંગીત, ગરબા, એકતા અને સેવાભાવનો સંગમ જોવા મળશે.

ડૉ. ગૌરવ પરાશરની ગુજરાત હેલ્થકેર એથિક્સ બોર્ડમાં નિમણૂક

વડોદરા : નવરચના યુનિવર્સિટીની સ્કૂલ ઓફ સાયન્સના બાયોમેડિકલ એન્ડ લાઈફ સાયન્સિસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ગૌરવ પરાશરની ગુજરાત એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ એથિક્સ એન્ડ રજીસ્ટ્રેશન બોર્ડના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેઓ મેડિકલ લેબોરેટરી એન્ડ લાઈફ સાયન્સિસ કેટેગરીનું પ્રતિનિધિત્વ કરશે. નેશનલ કમિશન ફોર એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેશન્સ (NCAHP) એક્ટ, 2021 હેઠળ ગુજરાત સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ દ્વારા વિવિધ સ્વાયત્ત બોર્ડની રચના કરાઈ છે. તેનો હેતુ શિક્ષણ, વ્યાવસાયિક ધોરણો, મૂલ્યાંકન, રજિસ્ટ્રેશન અને આચારસંહિતાને સુદૃઢ બનાવવાનો છે. બાયોમેડિકલ સાયન્સ, હ્યુમન અને કેન્સર જિનેટિક્સ, એપિજિનેટિક્સ તથા મોલેક્યુલર ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રે નિષ્ણાત ડૉ. પરાશરને 2019માં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયના હેલ્થ રિસર્ચ ડિપાર્ટમેન્ટ દ્વારા યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ મળ્યો હતો. પ્રો. એ. વી. રામચંદ્રને તેમને અભિનંદન પાઠવ્યા હતા.

મણિનગર ગ્રાઉન્ડમાં સતત ચોથા વર્ષે પાટીદાર સમાજનું નવરાત્રિ આયોજન

વડોદરા : વડોદરાના મણિનગર ગ્રાઉન્ડ ખાતે સમસ્ત પાટીદાર સમાજ સંઘ દ્વારા સતત ચોથા વર્ષે નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના યુવક-યુવતીઓ સુરક્ષિત વાતાવરણમાં ગરબા રમી શકે તેવા હેતુથી યોજાનારા મહોત્સવનું શનિવારે તા.19ના રોજ ભૂમિપૂજન કરાયું હતું. સંઘના સાંસ્કૃતિક અને ધાર્મિક ઉત્સવ સમિતિના પ્રમુખ રજનીભાઈ પટેલે જણાવ્યું કે, દસ હજાર ખેલૈયાઓ એકસાથે નવ દિવસ માતાજીની આરાધના કરી શકે તેવા આશયથી છેલ્લા ચાર વર્ષથી આ આયોજન કરવામાં આવે છે. ભૂમિપૂજન પ્રસંગે ધારાસભ્ય સતિષભાઈ પટેલ, સરદારધામ-3ના પ્રમુખ ડો. દુષ્યંતભાઈ પટેલ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધડિયાળી પોળ સ્થિત સયાજી સ્કૂલમાં મેગા રક્તદાન કેમ્પ યોજાયો

વડોદરા : ધડીયાળી પોળ સ્થિત સયાજી સ્કૂલ ખાતે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા માનવસેવાના હેતુથી મેગા રક્તદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં મોટી સંખ્યામાં નાગરિકો, યુવાનો અને મહિલાઓએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. આયોજક દીપકભાઈ જૈને જણાવ્યું કે કેમ્પમાં 500 યુનિટ રક્ત એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે હેતુથી આવા સેવાકીય કાર્યક્રમો યોજાય છે. કેમ્પને સફળ બનાવવા સ્વયંસેવકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સેવાકાર્ય બદલ મુસ્લિમ સમાજના આગેવાનો ફારુકભાઈ સોની, સુલેમાન મેમણ સહિત અગ્રણીઓએ દીપકભાઈ જૈનનું સાલ ઓઢાડી સન્માન કરી પ્રશંસા કરી હતી.

આર્ટ ઓફ લિવિંગ દ્વારા 'હેપ્પીનેસ બાપ્પા'ના સાનિધ્યમાં બાળકો માટે આનંદમય ઉત્સવ

વડોદરા : આર્ટ ઓફ લિવિંગ વડોદરા દ્વારા કારેલીબાગ બ્રહ્મર્ષિ વાટિકામાં ગણેશોત્સવનું આયોજન કરાયું છે. ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આનંદ અને શાંતિના સંદેશથી પ્રેરાઈ ગણપતિ બાપ્પાનું નામ 'હેપ્પીનેસ બાપ્પા' રાખવામાં આવ્યું છે. આર્થિક રીતે વંચિત પરિવારોના 50 જેટલા બાળકો માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. બાળકો માટે રમત-ગમત, મનોરંજક પ્રવૃત્તિઓ અને ટેલેન્ટ શો યોજાયા હતા. સાથે જ તેમને વોટર કલર, પેન, નોટબુક અને ફોલ્ડર સહિતની સામગ્રી ધરાવતી હેપ્પીનેસ કીટ તથા ભોજન અપાયું હતું. હેપ્પીનેસ બાપ્પાના બીજા વર્ષ નિમિત્તે ભક્તો માટે વિશેષ 'વિશ બોક્સ' પણ રાખવામાં આવ્યું છે. આ આયોજનમાં ભક્તિ સાથે સેવા, પ્રેમ અને ખુશીનો સંદેશ આપવામાં આવી રહ્યો છે.

સમયની ચાલ પણ કમાલ છે સાહેબ!

જે આણંદે ક્યારેક 'સાઇડલાઇન' કરાવ્યા, હવે એ જ આણંદનું સુકાન હાથમાં!

રાજકારણમાં સમય ક્યારે કઈ બાજુ વળે એનું કોઈ ટાઇમટેબલ હોતું નથી. ક્યારેક જે સ્થળે તપાસ-નિરીક્ષણ બાદ ફરિયાદો અને વિવાદો વચ્ચે નામ ચર્ચામાં આવે, એ જ સ્થળ થોડા વર્ષો પછી નવી જવાબદારીનું સરનામું બની જાય–રાજકારણના આ ચક્રને આનાથી વધુ રસપ્રદ ઉદાહરણ કદાચ શું હોય?

રાજેન્દ્ર ત્રિવેદીને ગુજરાત ભાજપે ફરી સંગઠનમાં મહત્વની જવાબદારી આપીને આણંદ જિલ્લાના પ્રભારી બનાવ્યા છે. 16 સપ્ટેમ્બર, 2026ના રોજ જાહેર થયેલી નિમણૂકમાં આણંદની જવાબદારી તેમની પાસે આવી છે.

જે આણંદના કારણે ક્યારેક રાજકીય કદ 'કટ ટુ સાઈઝ' થયું હોવાનું ચર્ચાયું, આજે એ જ આણંદનું સંગઠન માપવાનું કામ હાથમાં!

વાહ રે સમય...

કાલે જે જગ્યા પ્રશ્નપત્ર હતી, આજે એ જ જગ્યા જવાબદારીની પરીક્ષા બની ગઈ!

રાજકારણમાં કદાચ આ જ કહેવાય–

"વર્તુળ પૂરું થયું નથી, માત્ર દિશા બદલાઈ છે!"

ક્યારેક ખુરશી જાય, પછી ખાતું જાય, પછી મૌન આવે... અને અચાનક ફરી જવાબદારીનો દરવાજો ખુલે.

રાજકારણમાં 'અંતિમ અધ્યાય' નામની કોઈ વસ્તુ નથી–આજે સાઇડલાઇન, કાલે ફ્રન્ટલાઇન!

હવે જોવાનું એ રહેશે કે "આણંદ ત્રિવેદી માટે જૂની યાદોનું સ્થળ બને છે કે નવી રાજકીય ઇનિંગનું મેદાન.'

વડોદરાના ગણેશ મંડળોમાં નેતાઓની હાજરી પાછળ ભક્તિ કેટલી અને 'બ્રાન્ડિંગ' કેટલું?

સંસ્કારી નગરી વડોદરામાં ગણેશોત્સવની ભક્તિભરી ધૂમ છે. પરંતુ ગણેશજીની આરતી અને પ્રસાદની સાથે શહેરમાં એક અલગ જ 'ચર્ચા' પણ ગરમાઈ છે–ગણેશ મંડળોમાં કદાવર નેતાઓની અચાનક વધી ગયેલી હાજરીની!

ગણેશજીના દર્શન કરવા નેતાઓ આવે છે કે પછી કેમેરાના દર્શન કરવા? માથું નમાવ્યા પછી તરત જ કેમેરા સામે સ્મિત પાછળ સમર્થકોની ટોળકી અને ગણેશજીની મૂર્તિ સાથે એકાદ-બે 'ફ્રેમ'. જાણે ભક્તિ નહીં, પરંતુ ચૂંટણી પૂર્વેનું 'ફોટો પેકેજ' ચાલી રહ્યું હોય! હવે સવાલ પણ શહેરમાં ધીમે ધીમે મોટો થઈ રહ્યો છે–આ મુલાકાત માત્ર શ્રદ્ધા માટે છે કે મંડળને મળતા આર્થિક સહયોગનો પણ કોઈ હિસાબ છે? જો યોગદાન છે તો કેટલું? જાહેરમાં કેમ નહીં? અને જો યોગદાન નથી, તો પછી આટલી આગોતરી 'હાજરી'નું રહસ્ય શું?

મંડળો પણ કદાચ મૂંઝવણમાં હશે–નેતાજીને ના કહીએ તો ક્યાંક નારાજગી, હા કહીએ તો ફોટોગ્રાફરોની કતાર! એટલે ભક્તિની વચ્ચે 'પ્રોટોકોલ' પણ નિભાવવો પડે એવી સ્થિતિ?

વાત માત્ર એક નેતા કે એક મંડળની નથી. પ્રશ્ન એ છે કે ગણેશોત્સવ શ્રદ્ધાનું મંચ રહે કે રાજકીય છબી ચમકાવવાનું નવું પ્લેટફોર્મ બને? વડોદરાવાસીઓનો સવાલ સાવ સીધો છે– "ગણેશજી પાસે આશીર્વાદ લેવા આવ્યા છો કે 'લાઈક-શેર'ના આશીર્વાદ લેવા?"

આખરે ગણેશજી તો વિઘ્નહર્તા છે પરંતુ મંડળો સામેનું 'રાજકીય વિઘ્ન' કોણ હટાવશે?

ગાંજાની જાણ કરનાર જ 'આરોપી' બની જાય તેવી ચેતવણી! કાર્યવાહી થઈ કે માત્ર 'દેખાડો' એ રહસ્ય

વડોદરામાં નશાના કારોબાર સામે પોલીસ કડકાઈની વાતો વચ્ચે એક કિસ્સાએ કામગીરીની રીત સામે જ સવાલો ઊભા કર્યા છે. ગાંજાના વેચાણની જાણ કરવા માટે જાગૃત નાગરિકે 112 પર ફોન કર્યો, પરંતુ પોલીસ સમયસર પહોંચી નહીં હોવાનો આક્ષેપ છે. આખરે ઉચ્ચ અધિકારીને જાણ થતાં સ્થાનિક પોલીસ દોડી આવી.

હવે મજાની વાત અહીંથી શરૂ થાય છે!

ગાંજાના વેચાણની માહિતી આપનાર નાગરિકને જ કથિત રીતે PI તરફથી એવી 'સલાહ' મળી કે વીડિયો બનાવશો તો તમારી સામે જ ગુનો દાખલ થઈ શકે છે. એટલે કે ગાંજો વેચનારને પકડવા કરતાં માહિતી આપનારને સમજાવવાની ઉતાવળ કેમ? એવો સવાલ સ્વાભાવિક રીતે ઊભો થાય છે.

MSUમાં ભગવા બ્રિગેડમાં જ ભડકો, ABVP Vs VVSની વર્ચસ્વની લડાઈ ચરમસીમાએ



મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કહેવાતી બે પાંખો વચ્ચેની વર્ચસ્વની લડાઈ હવે ખુલ્લેઆમ સામે આવી ગઈ છે. હોમ સાયન્સ ફેકલ્ટી બહાર ગણેશ સ્થાપના મામલે બાખડેલા એબીવીપી અને વીવીએસના વિદ્યાર્થીઓના કેસે હવે યુનિવર્સિટીની રાજનીતિને ગરમાવી દીધી છે. આ મારામારીના કેસમાં વીવીએસના શ્યામ પંડ્યા સહિત 4 સામે એટ્રોસિટીની કલમ હેઠળ ગુનો દાખલ થયો છે. આ ઘટનાથી કેમ્પસમાં વર્ષોથી ચાલતો એબીવીપી-વીવીએસ વચ્ચેનો ગજગ્રાહ હવે છેક દિલ્હી સુધી પહોંચ્યો હોવાની ચર્ચા છે. ચર્ચા એવી છે કે વીવીએસ સાથે સંકળાયેલા બ્રાહ્મણ વિદ્યાર્થી પાર્થ પંડ્યાને યુનિવર્સિટીની મુખ્ય બોડીમાં લેવાતા જ આ બબાલની શરૂઆત થઈ હતી. એબીવીપીને પાર્થ પંડ્યા આંખમાં કણાની જેમ ખૂંચે છે. અગાઉ પાર્થ ડો. વિજય શાહના અંગત ગણાતા હતા. સૂત્રોનું કહેવું છે કે વીવીએસ હંમેશા લો ફેકલ્ટી, પોલિટેકનિક અને ટેકનોલોજી ફેકલ્ટીમાં એબીવીપીને નડ્યું છે, અને તેનો જ બદલો લેવાઈ રહ્યો હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. આ મામલામાં સૌથી ચર્ચાસ્પદ મુદ્દો ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ મેયર સુનીલ સોલંકીના પુત્ર આશિષ પરના હુમલાનો છે. આશિષ હોસ્પિટલમાં દાખલ હોવા છતાં સામા પક્ષને જામીન મળી જતા મામલો વધુ ઉગ્ર બન્યો છે. બીજી તરફ, વીવીએસને વડોદરાના સાંસદ અને યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ હેમાંગ જોશીનું સમર્થન હોવાની રજૂઆત પણ થઈ રહી છે. ચર્ચા એવી પણ છે કે હેમાંગ જોશી રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા તે ઘણા જૂથને ખાસ કરીને એબીવીપીના એક જૂથને ગમ્યું નથી અને એબીવીપીના ખભે બંદૂક મૂકીને અમુક નેતાઓ ફાયરિંગ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ એબીવીપીએ આ મામલો સંઘના શીર્ષ નેતૃત્વ સુધી પહોંચાડ્યો છે. સામાન્ય મારામારીના બનાવમાં સમાધાનથી મામલો થાળે પડી શક્યો હોત, પરંતુ એક જૂથ દ્વારા વધુ પડતી ચહેલ કરાતા હવે એટ્રોસિટીની કલમ ઉમેરાતા ચાર વિદ્યાર્થીઓની કારકિર્દી સામે સવાલો ઉભા થયા છે. સવર્ણ સમાજના અનેક નેતાઓએ સામાન્ય બબાલને મોટું સ્વરૂપ અપાતા વિરોધ નોંધાવ્યો છે અને આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી,

સંઘ-ભાજપમાં મજબૂત પકડ ધરાવતા એક ભણેલા-ગણેલા યુવાનની નિમણૂક આખરે કોની આંખમાં ખૂંચી?

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના વડોદરા પ્રવાસ પહેલા જ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. એક સમયે ભાજપ યુવા મોરચામાં મોટી જવાબદારી સંભાળી ચૂકેલા અને સંઘની મજબૂત પૃષ્ઠભૂમિ ધરાવતા જિગર ઇનામદારે યુનિવર્સીટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી ચોંકાવનારું રાજીનામું ધરી દીધું છે. ખાસ વાત એ છે કે, જીગર ઇનામદારની આ નિમણૂક થોડા સમય પહેલા જ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિના પ્રસ્તાવિત પ્રવાસ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ પહેલા જ આવેલા આ રાજીનામાએ ભાજપ, આરએસએસ અને યુનિવર્સિટીના કોરિડોરમાં ગરમાવો લાવી દીધો છે. ચોક્કસ સૂત્રો મુજબ આ રાજીનામું માત્ર એક સામાન્ય રાજીનામું નથી. વડોદરાના સાંસદમાંથી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બનેલા હેમાંગ જોશીના એક સમયે સૌથી નજીકના અને કોર ટીમના સભ્ય રહેલા જીગર ઇનામદારનું આ રીતે હટવું અનેક તર્ક-વિતર્કોને જન્મ આપે છે. હેમાંગ જોશીનું કદ વધ્યા બાદ બંને નેતાઓની એક સાથે હાજરી ઓછી જોવા મળી હતી. ક્યાંક સંબંધોમાં કડવાશની પણ વાતો છે. ડો. જિગર ઇનામદારની છબી એક સમર્પિત આરએસએસ તૃતીય વર્ષ પ્રશિક્ષિત સ્વયંસેવક, શિક્ષણવિદ્ અને વડાપ્રધાન મોદીના કટ્ટર સમર્થક તરીકેની છે. તેઓ ભાજપની ટિકિટ પર ચૂંટણી પણ લડી ચૂક્યા છે અને યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. ત્યારે સૌથી મોટો સવાલ એ ઉભો થાય છે કે, એમએસયુ સાથે લાંબા સમયથી જોડાયેલા અને સંઘ-ભાજપમાં મજબૂત પકડ ધરાવતા એક ભણેલા-ગણેલા યુવાનની નિમણૂક આખરે કોની આંખમાં ખૂંચી? નિમણૂક થતાની સાથે જ તેમનો વિરોધ શરૂ થઈ ગયો હોવાની ચર્ચાએ આખા મામલાને વધુ ચર્ચાસ્પદ બનાવી દીધો છે. જોકે, ઇનામદારે પોતે આ મામલે કોઈ પ્રતિક્રિયા આપવાનું ટાળી દીધું હતું.